| | |
|---|---|
| દાખલ તારીખ | :– ૧૧/૦૮/૨૦૨૩ |
| રજિસ્ટર તારીખ | :– ૧૧ /૦૮/૨૦૨૩ |
| નિકાલ તારીખ | :– ૦૨/૦૪/૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| | ૦૦ ૦૭ ૨૨ |

**ગાંધીધામના મહે. પાંચમાં અધિક ચીફ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**

**મુ. તા. ગાંધીધામ–કચ્છ**

**ફોજદારી કેસ નંબર : ૫૦૬૦/૨૦૨૩**

(ગાંધીધામ એ.ડિવી. પોલીસ સ્ટેશનના ગુના રજિ. નં. ૪૮૬/૨૦૨૨)

**આંક : –૧૪**

**ફરીયાદી :** **શ્રી સરકાર.**

**વિરુદ્ધ**

**આરોપી :** **ગીતાબેન પરબતભાઈ દેવીપુજક**

ઉ.વ : ૩૦, ધંધો : મજુરી

રહે. કેતન પ્લાસ્ટિક પાસે,

સેકટર – ૧ એ

ગાંધીધામ – કચ્છ.

ફરીયાદ પક્ષ તરફે વિ. એપીપી શ્રી એ.એન પંડયા

આરોપી તરફે વિ. વકીલશ્રી સી.જે.ધારક

**ગુનો: પ્રોહીબીશન એકટની કલમ : ૬૫(એ)(એ) મુજબનો.**

**– : : ચુ કા દો : : –**

**(૧)** આ કામના ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે,આ કામના આરોપી બહેનએ પોતાના કબ્જાના રહેણાંક મકાનમાં ગે.કા. રીતે વગર પાસ પરમીટે દેશી દારુની લિટર – ૦૫ કિ. રૂ.૧૦૦/– નો પ્રોહીનો મુદામાલ વેંચાણ અર્થે પોતાના કબ્જામાં રાખી રેઈડ દરમ્યાન હાજર ન મળી ગુન્હો કરેલ હોઈ આ કામે પકડાયેલ આરોપી વિરૂધ્ધમા ચાર્જશીટ કરવાના પુરતા પુરાવા હોય પુરાવા આધારે આવો ગુનો કરી પ્રોહીબીશન એકટની કલમ : ૬૫(એ)(એ) મુજબના ગુનાની ફરિયાદ ફરિયાદીએ સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપતા સંબંધિત પોલીસસ્ટેશન ધ્વારા આ બનાવની ફરિયાદ નોંધી, આરોપી વિરુધ્ધ ત.ક.અમલદાર દ્વારા હાલનું ચાર્જશીટ કરેલ છે. આરોપી વિરુધ્ધ સમન્સ ઈસ્યુ કરતા તેઓ અત્રે ની અદાલત સમક્ષ હાજર થયેલ છે, ત્યારબાદ આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૦૭ અન્વયે ચાર્જશીટની નકલ આપવામાં આવેલ છે.

**(૨)** વધુમાં સદર કામે આગળ વધતા પહેલા એ નોંધનીય છે કે **નામદાર ગુજરાત વડી અદાલત દ્વારા નિર્ણીત ક્રી.મીસ.એપ્લી નં–૮૮૯૨–૨૦૧૮ જયંતીભાઈ મકનભાઈ ડામોરના** ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે પ્રોહી એકટના ગુનાઓ ટ્રાયબલ બાય મેજીસ્ટ્રેટ છે જેથી સદર ચુકાદાના નિર્ણયાધારને ધ્યાને લઈ આ કામના આરોપી વિરુધ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ : ૨૪૦ અન્વયે આંક –૦૫ થી તહોમતનામું ફરમાવી આરોપીની આંક –૦૬ થી પ્લી રેકર્ડ

કરવામાં આવેલ છે. જેમા આરોપીએ ગુનાનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતા હાલનું કામ ફરીયાદ પક્ષના પુરાવા પર રાખવામાં આવેલું.

(૩) આ કામે ટ્રાયલ દરમ્યાન ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબના મૌખીક અને દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**-: મૌખિક પુરાવો :-**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **આંક** |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ તૈયબ ભચુ માંજોઠી ની જુબાની | ૦૭ |
| ૨ | પંચ સાહેદ સુનીલભાઈ કાનજીભાઈ ખારવા ની જુબાની | ૦૯ |

**-: દસ્તાવેજી પુરાવો :-**

| **ક્રમ** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | પંચનામું | ૦૮ |

(૪) આ કામે ફરીયાદપક્ષ તરફે વધુ પુરાવો ન હોવાનું જાહેર કરી આરોપીનું ક્રિ.પ્રો. કોડની કલમ : ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો આવેલ ન હોઈ જેથી વિશેષ નિવેદન (એફ.એસ.) લેવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી.

(૬) ફરીયાદપક્ષના કેસની હકીકત તથા રેકર્ડ ઉપરના પુરાવાને ધ્યાનમાં લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં.** (૧). શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ પોતાના કબ્જામાં ગે.કા. રીતે વગર પાસ પરમીટે દેશી દારુ લિટર - ૦૫ કિ. રૂ.૧૦૦/- નો પ્રોહીનો મુદામાલ વેંચાણ

અર્થે પોતાના કબ્જામાં રાખી રેઈડ દરમ્યાન હાજર ન રહી ગુન્હો કરેલ હોઈ આ કામે પકડાયેલ આરોપી વિરૂધ્ધમા ચાર્જશીટ કરવાના પુરતા પુરાવા હોઈ પુરાવા આધારે આ કામના આરોપી વિરુધ્ધ આવી ગુનો કરી પ્રોહીબીશન એકટની કલમ : ૬૫(એ)(એ) મુજબનો ગુન્હો કરેલ છે ?

**(૨).** શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે દર્શાવેલા કારણોસર નીચે મુજબ છે.

**મુદ્દા નં. (૧).** **નકારમાં.**

**મુદ્દા નં. (૨).** **આખરી હુકમ મુજબ.**

(૮) **મુદ્દા નં.૧ ના કારણો : –**

આ કામે ફરિયાદપક્ષે આરોપી વિરુધ્ધનો ગુન્હો પુરવાર કરવા માટે ઉપરોકત પેરા : ૩ માં ચર્ચા કર્યા મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે તે ધ્યાને રાખતા ફરિયાદપક્ષે સૌ પ્રથમ આ કામે મહત્વના સાહેદો એવા પંચ સાહેદોને તપાસેલા છે.

**(૯)** ફરિયાદ પક્ષે આંક – ૦૭ થી પંચ સાહેદ તૈયબ ભચુ માંજોઠી તથા આંક – ૦૯ થી પંચ સાહેદ સુનીલભાઈ કાનજીભાઈ ખારવા નાઓને તપાસવામાં આવેલા છે જેઓ આંક – ૦૮ વાળા પંચનામાના પંચ સાહેદો છે સદર પંચ સાહેદો પંચનામાને સમર્થન કારી જુબાની આપેલ હોઈ તેમજ એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા પંચ સાહેદ તરીકે જાહેર કરવામાં

આવેલ છે અને હોસ્ટાઈલ જાહેર થયા બાદ ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી. ઉલ્ટાનું આરોપી પક્ષે થયેલ ઉલટતપાસ સ્વીકારેલ છે કે તૈયાર લખેલ કાગળમાં સહી કરેલી તે સિવાય બીજુ કંઈ ખબર નથી.

(૧૦)આમ જયારે સદર કામે મુદામાલ રીકવરીના બન્ને પંચ સાહેદો ફરીયાદ પક્ષ દવારા વિમુખ થયેલા જાહેર કરાયેલ હોઈ **નામદાર બોમ્બે વડી અદાલત દવારા નિર્ણીત મહારાષ્ટ્ર રાજય વિ. ઓમકાર માનીક પાટીલ ક્રિ.લો. રીપોર્ટર (એમ.એચ) ૧૯૭૯ પાના નં. ૪૨૧** નો ચુકાદો ધ્યાને લેતા જો સદર કામે હવે પછી અન્ય પોલીસ સાહેદો તપાસવામાં આવે તો પણ સદર કામે આરોપીને ગુના સાથે સાંકળતો કોઈ જ પુરાવો રેકર્ડ પર આવવાનો સંભવ નથી.

(૧૧)આમ, સદર કામે ચાર્જશીટ ધ્યાને લેતા પંચ સાહેદો સિવાય અન્ય કોઈ સ્વંતત્ર સાહેદોના નિવેદનો તપાસના કામે લેવામાં આવેલ નથી તેમજ ફરીયાદ પક્ષ દવારા તપાસવામાં આવેલ પંચ સાહેદોએ પોલીસે તેઓની હાજરીમાં આરોપી પાસેથી કહેવાતો મુદામાલ રીકવર કરવામાં આવેલ હોવા બાબતેનો ઈન્કાર કરેલ છે. વધુમાં રેડ દરમ્યાન આરોપી મળી આવેલ નથી,ત્યારે કહેવાતો મુદામાલ આરોપીના સભાન અને પ્રત્યક્ષ કબ્જામાથી મળી આવ્યો હોય તે હકીકત ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : હુ ક મ : –**

(૧) આ કામના આરોપી નાઓને **ગીતાબેન પરબતભાઈ દેવીપુજક** ઉ.વ : ૩૦, ધંધો : મજુરી રહે. કેતન પ્લાસ્ટિક પાસે, સેકટર – ૧ એ ગાંધીધામ – કચ્છ. **ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૮(૧)** અન્વયે **ધી ગુજરાતઉ**

**પ્રોહિબીશન એકટ ૨૦૧૬ (સુધારા) અધિનિયમની કલમ : ૬૫(એ)(એ)** મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** સદર કામે કબજે કરાયેલ પ્રોહી મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩) ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ : ૪૩૭ (એ)** અન્વયે આરોપીએ અપીલ અદાલત સમક્ષ હાજર થવા સારુ **રુા.૫,૦૦૦/−(અંકે રુપિયા પાંચ હજાર પુરા)** ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કરવા.

આજરોજ તારીખ: ૦૨ , માહે : અપ્રિલ, ૨૦૨૪ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તારીખ : ૦૨/૦૪/૨૦૨૪
મુકામ : ગાંધીધામ – કચ્છ.

**(મૃગેશભાઈ બીપીનભાઈ ભાવસાર)**
પાંચમાં અધિક ચીફ જયુ. મેજીસ્ટ્રેટ
ગાંધીધામ –કચ્છ
કોડ નંબર : (GJ00968)

PUJ